જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૧૦/૨૦૧૬ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૧૮૬૦/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી ૧૮૧ લીટર દેશી દારૂ અને ૧ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૧૮૬૧/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## બળાત્કારની ફરીયાદઃ-    સમાચાર યાદી નં.૧૮૬૨/૧૬

**સરદારનગર : સરદારનગર વિસ્તારમાં રહેતી ૩૪ વર્ષની પરણીત મહિલાએ તા.૧૧/૧૦/૧૬ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે** આશરે ૧૫ દીવસ અગાઉ રાતના કલાક ૨/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી અશોક પરષોતમભાઇ સોલંકીએ મહિલાનાં ઘરે જઇ, મહિલા જ્યારે પોતાના ઘરમાં સુતા હતા ત્યારે અંધારામાં મહિલાનું મોઢુ દબાવી દઇ, મહિલાની મરજી વિરૂધ્ધ બળજબરીથી શરીર સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.આર.પટેલ ચલાવે છે.

ઉપરોક્ત ગુનાનાં આરોપી અશોક પરષોતમભાઇ સોલંકી ને તા.૧૨/૧૦/૧૬ નાં કલાક ૨/૦૦ વાગે સરદારનગર પોલીસે પકડી અટક કરેલ છે.

## ચોરી :-    સમાચાર યાદી નં.૧૮૬૩/૧૬

**રાણીપ** : સુંદરલાલ કાશીરામજી જોષી (ઉ.વ.૩૦)(રહે,છેતન ભાટીની પોળ, ભોલીબાઇનુ મંદિર, જોધપુર મુળવતનઃ મંદાર, પોસ્ટઃ સેમડા, તા.:ગોગુન્દા, જીલ્લો ઉદયપુર રાજસ્થાન) એ તા.૧૧/૧૦/૧૬ નારોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૯/૧૬ ના કલાક ૭/૧૫ વાગ્યાના સુમારે રાણીપ સુભાષબ્રિજ બસ સ્ટેન્ડ પાસે આવેલ જાહેર શૌચાલય બહાર આરોપી સવાઇસિહ ખુશાલસિહ રાજપુરોહીત (ઉ.વ.આશરે ૨૬)(રહે,લંગેરા તા.જી.બાડમેર રાજસ્થાન) કે જે આરોપી સુંદરલાલનો કારીગર તેમજ કમીશન એજન્ટ તરીકે કામ કરતો હતો તેને સુંદરલાલે પોતાની પાસેનું ચાંદીની પાયલ જેનુ વજન ૧૪ કિલો ૬૫૦ ગ્રામ કિંમત રૂપિયા ૪,૩૦,૦૦૦/- મત્તાનું બિલ સાથે મુકેલ બેગ સવાઇસિંહને આપી પોતે સંડાસ કરવા માટે જાહેર શૌચાલયમાં ગયા હતા. જે બેગની આરોપી સવાઇસિંહ ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.બી.પટેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૮૬૪/૧૬**

**"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન** : હંસાબહેન બીકેશકુમાર જોશી (રહે.ધીરજ હાઉસીંગ, મણીનગર પૂર્વ, ખોખરા) એ "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૯/૧૬ ના કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે જી.આઇ.ડી.સી.વટવા ગરૂડીયા ટેકરા પાસે આવેલ બી.એસ.એન.એલ.ગોડાઉન પાસેનાં રોડ ઉપર આરોપી જીતેન્દ્ર ઉર્ફે જીતુ શીવસિંગ વાઘેલા (રહે.ત્રીજે માળ, રૂષીકેશનગર, ધીરજ હાઉસીંગ ખોખરા) પોતાના કબજાની ઇગલ કંપનીની બસ નંબર જીજે.૧૦.ડબલ્યુ.૯૯૪૪ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી અચાનક બસને બ્રેક લગાવતાં, બસનાં દરવાજામાં ઉભેલા હંસાબહેનનાં પતિ બીકેશકુમાર જોશી (ઉ.વ.૪૧) નાઓ બસમાંથી નીચે પડી જતાં, માથાના ભાગે ગંભીર ઇજા થતાં તેમને સારવાર અર્થે સિવીલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૧/૯/૧૬ સાંજનાં ૬/૩૦ વાગે બીકેશકુમારનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.વી.જાડેજા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૬૫/૧૬**

**બાપુનગર** : અવિનાશ જ્ઞાનેશ્વર બાગડે (ઉ.વ.૨૪)(રહે,શાસ્ત્રીનગરના છાપરા, બાપુનગર) એ મહિનાથી કોઇ કામે જતા ન હોઇ, ધંધો કરવાનું કહેતા, ટેંશનમાં રહેતા હોઇ તા.૧૧/૧૦/૧૬ ના કલાક ૨/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે ગળે ફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગલજીભાઇ બાબુભાઇ ચલાવે છે.

**મેઘાણીનગર** : દિલીપભાઇ ઇશ્વરભાઇ પટણી(રહે,પાંડવવાડી, કુભાજીની ચાલી, મેઘાણીનગર) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૧/૧૦/૧૬ ના કલાક ૧/૪૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે છતની લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી, ગળે ફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેંદ્રસિહ રાયસિહ ચલાવે છે.

**રીવરફ્રન્ટ(ઇસ્ટ)** : **(૧)** કમલેશ બાબુભાઇ ઠાકોર (ઉ.વ.૪૭)(રહે,વરસંગજીની ચાલી, ધર્મનગર હાઇસ્કુલ રોડ, ગંગારામ ફલેટની પાછળ, સાબરમતી રેલ્વે સ્ટેશનની સામે, સાબરમતી) એ પોતાની પત્નીને કોઇ અન્ય વ્યક્તિ સાથે પ્રેમ સંબધ હોવાની શંકા હોઇ, પતિ-પત્ની વચ્ચે ઝઘડા થતાં હોઇ, મનમાં લાગી આવતા તા.૧૧/૧૦/૧૬ ના કલાક ૯/૪૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે સાબરમતી રીવરફ્રન્ટ સુભાષબ્રીજ ગાર્ડન ગેટ નંબર-૩ પાસે આવેલ ઘાટ નંબર-૫ નજીક નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે રીવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બલવતભાઇ શંકરભાઇ ચલાવે છે.

**(૨)** ધનાભાઇ લાલાભાઇ મારવાડી (રહે,અંબીકાનગર, સરદારનો ટેકરો, જુનાવાડજ) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૧/૧૦/૧૬ બપોરના ૩/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે દુધેશ્વર બ્રીજની નીચે સાબરમતી નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે રીવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમણભાઇ ગણપતભાઇ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)